**મળ્યા તારીખ – ૦૮/૧૨/૨૦૨૫**
**નોંધ્યા તારીખ– ૦૮/૧૨/૨૦૨૫**
**ફેંસલ તારીખ – ૯/૦૬/૨૦૨૫**
**સમયગાળો – વર્ષ –માસ –દિવસ**
**– –**

**મોડાસાના મે. એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.મોડાસા.**

---

**<u>ક્રિમીનલ કેસ નંબર–૩૭૨૧/૨૦૨૫</u>**
**<u>આંક–</u>**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી** : રાજુભાઈ મોહનભાઈ છારા,ઉ.વ.પ૩
રહે.છારાનગર (જીવણપુર),મોડાસા તા.મોડાસા જી.અરવલ્લી

<u>**ગુન્હો:–** ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ (એફ) મુજબ..</u>

<u>ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી આર.એચ.જુરાણી.</u>
<u>આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એ.જી.ઘોરી.</u>

**<u>// ઠરાવ //</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ કલાક.૦૬/૧૫ વાગે મોજે છારાનગર (જીવણપુર) ગામે આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ

પરમીટે પોતાના કબજાના ઘરની પાછળના ભાગે આવેલ દિવાલને અડીને પ્લાસ્ટિકના કેરબા નંગ-૪ માં દેશી દારૂ ગાળવાનો ગોળ મહુડાનો વોશ લીટર-૧૬૦/-જેની કુલ કિં.રૂા. ૪૦૦૦/-નો ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે રાખી પોલીસની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી ગુન્હો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદી એ ટીંટોઈ પો. સ્ટે. માં ફરીયાદ નોધાવતાં, ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કર્યા બાદ, તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ (એફ) મુજબના ગુન્હો કર્યા અંગેનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીને સમન્સ કરતાં આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ પેપર્સની અને ચાર્જશીટની નકલો આપવામાં આવી. ત્યારબાદ ગુન્હા સંબંધી આંક: ૫ થી આરોપી સામે તહોમતનામુ ઘડી વાંચી સંભળાવી, સમજાવી આંક: ૬ હેઠળ નિવેદન લેતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવે છે.

**<u>મૌખિક પુરાવો.</u>**

(૧) આંક : ૦૮ ફરીયાદી દિલીપકુમાર પ્રવિણભાઈ ની જુબાની

(૨) આંક: ૧૧ પંચ પરમાર નરેન્દ્રસિંહ લાલસિંહની જુબાની

(૩) આંક: ૧૩ પંચ દિપાજી માવતાજી ચૌહાણની જુબાની

**<u>દસ્તાવેજી પુરાવો.</u>**

(૧) આંક: ૦૯ ફરીયાદ
(૨) આંક: ૧૨ મુદ્દામાલ રીકવરી ગુન્હાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ

ફરીયાદ પક્ષ તરફનો પુરાવો પુરો થયેલાનુ જણાતાં આ કામે આરોપીનુ ક્રિ .પ્રો. કોડની કલમ: ૩૧૩ મુજબનુ વધારાનુ નિવેદન નોંધેલ છે. જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધમાં પડેલ પુરાવાનો ઈન્કાર કરી, વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેમની સામે ખોટો કેસ કરેલ છે તેવું જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિ. વકીલશ્રી ઓની દલીલો સાંભળવામાં આવી.

૪.. ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ કલાક.૦૬/૧૫ વાગે મોજે છારાનગર (જીવણપુર) ગામે આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબજાના ઘરની પાછળના ભાગે આવેલ દિવાલને અડીને પ્લાસ્ટિકના કેરબા નંગ-૪ માં દેશી દારૂ ગાળવાનો ગોળ મહુડાનો વોશ લીટર-૧ ૬૦/-જેની કુલ કિં.રૂા. ૪૦૦૦/-નો ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે રાખી પોલીસની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી ગુન્હો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદી એ ટીંટોઈ પો. સ્ટે. માં ફરીયાદ નોધાવતાં , ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કર્યા બાદ, તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ (એફ) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

૨) શું હુકમ ?

૫.. ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

## // નિ ર્ણ યો //

૧) મુદ્દા નંબર–૧: નકારમાં,
૨) મુદ્દા નંબર –૨: આખરી હુકમ મુજબ.

## // નિ ર્ણ ય અંગેના કારણો //

૬.. આ કામે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓની હકીકતો વંચાણમાં લઈએ તો, તેમાં,આંક: ૧૧ પંચ પરમાર નરેન્દ્રસિંહ લાલસિંહને તથા આંક:૧૩ થી પંચ દિપાજી માવતાજી ચૌહાણને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદએ તેમની જુબાની દરમિયાન આંક : ૧૨ નાં મુદામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ ન હોઈ તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તરફે લેવા માં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ સદર આંક:૧૨ ના પં ચનામામાં લખાવેલ હકીકતનો ઈનકાર કરેલ છે. તેમજ બચાવપક્ષની ઉલટતપાસમાં પણ તેઓ સરતપાસને વળગી રહેલ છે.

૭.. ફરિયાદપક્ષે આંક: ૦૮ થી ફરિયાદી : અ.પો.કો.દિલીપકુમાર પ્રવિણભાઈ ને તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવા મુજબ તેઓ સને ૨૦૨૫ ની સાલમાં ટીંટોઈ પો.સ્ટેમાં અ.પો.કો તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ જીવણપુર છારા નગર મુકામે પ્ર ોહીની સામુહીક રેડ કરવાની હોય,તેઓ તથા એ.એસ.આઈ. સુરેશકુમાર ગુણવંતસિંહ તથા અ.પો.કો.રણજીતભાઈ રામજીભાઈ એ રીતના

પો.સ્ટાફના માણસોએ મળેલ બાતમીના આધારે બે પંચોના માણસો સાથે રાખી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી જીવણપુર છારાનગર મુકામે રહેતા રાજુભાઈ મોહનભાઈ છારાનાઓના ઘરે પ્રોહીની રેઈડ કરતા ,ઘર ખુલ્લુ હોઈ ઘરે કોઈ હાજર મળી આવેલ નહી.જેથી પંચો રૂબરૂ ઘરમાં ઝડતી તપાસ કરતા ઘરની પાછળના ભાગે આવેલ દીવાલને અડીને પ્લાસ્ટીકના કેરબા નંગ-૪ પ્રવાહી ભરેલ હાલતમાં મળી આવતા, તેમાં પંચો રૂબરૂ ખાતરી કરતાં જેમાં દેશી દારૂ ગાળવાનો ગોળ મહુડાનો વોશ કુલ લીટર ૧૬૦ જેની કુલ કિ.રૂ.૪૦૦૦.૦૦ નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે નો અને ગે.કા નો મળી આવતા તેમાંથી ૨૦૦ મીલી જેટલો વોશ સેમ્પલ સારૂ લઈ તેમાં મોરથુથુ નાખી , સીલ કરી,તપાસ અર્થે કબજે લઈ બાકીનો વોશ કેરબા સહીત સ્થળ ઉપર નાશ કરી.વિગતવાર નુ પંચનામુ એ.એસ.આઈ. સુરેશકુમાર ગુણવંતસિંહ નાઓની રૂબરૂમાં ક-૫/૧૫ થી ક-૬/૧૫ સુધીનુ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ. બનાવ બાબતની ફરીયાદ તેઓએ પી.એસ.ઓ. સ્ત્રુ રતીબેન રાજેન્દ્રભાઈ નાઓની રૂબરૂમાં આપેલી. તેમને તા.૧૩/૧૧/૨૫ ના રોજની ફરીયાદીની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક:૦૯ આપવામાં આવે છે.

સદર પોલીસ સાહેદની બચાવપક્ષ તર્ફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં સદર પોલીસ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીની ઘરની માલીકી અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ તેઓએ રેઈડ સમયે ચકાસેલ નહી.તેમજ પંચોને બોલાવવા માટે તેઓ ગયેલ

નથી.તેમજ ગણીવાર બીનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

૮.. આમ,આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોતાં, આ કામે પંચ સાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે , આંક:૧૨ નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પં ચસાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ પોલીસે પંચો રુબરુ કાર્યવાહી અનુસરેલા હોવાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

૯.. આમ, ફરીયાદપક્ષના કેસની હકીકત તથા પોલીસ સાહેદોના મૌખીક પુરાવાની સરતપાસની હકીકતો દર્શાવે છે કે ,આ કામેનો મુદામાલ પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ છે. આ કામે આરોપી બનાવ સ્થળેથી મળી આવેલ ન હોવાની હકીકત પોલીસ સાહેદે સ્વીકૃત કરેલ છે. એટલે કે, સદરહું કામેનો મુદામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાં થી મળી આવેલ . વળી, આ કામે બનાવવાળી જગ્યાની માલીકી બાબતેનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી.જેથી પંચસાહેદોએ જણાવેલી હકીકત કે પોલીસે તેમની તૈયાર પં ચનામામાં સહી કરાવેલી તે હકીકત ન માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી.

૧૦.. આમ, ઉપરોકત પુરાવાકીય હકીકતો ધ્યાને વંચાણે લેતા ,

ફરીયાદપક્ષના કેસની હકીકત તથા પોલીસ સાહેદોના મૌખીક પુરાવાની સરતપાસની હકીકતો અને બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસની હકીકતોથી એ સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે , જે બનાવવાળી જગ્યાએ મુદામાલ કબજે લીધેલ હોવાનું પોલીસ સાહેદએ કથન કરેલ છે તે જગ્યાની માલીકી કે કબજો આરોપીનો હોય તે દર્શાવતો કોઈ પુરાવો પોલીસ સાહેદોએ તપાસના કામે મેળવેલ નથી અને આ કામે રજુ રાખવામાં આવેલ નથી તે સ્વીકૃત હકીકત છે. તદઉપરાંત, પોલીસ સાહેદોએ રેઈડ દરમ્યાન પંચસાહેદ તેમની સાથે હાજર હતા અને સમગ્ર કાર્યવાહી પંચસાહેદની હાજરીમાં કરવામાં આવેલ હોવાનું કથન કરેલ છે. જયારે આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદએ પોલીસ સાહેદોએ કરેલ આ કથન તેમજ રજુ પંચનામાની હકીકતોને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી ત્યારે પંચસાહેદના પુરાવાની હકીકત જોતાં, આ કામેના પંચો રુબરુ પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેવી પોલીસ સાહેદોએ જણાવેલી હકીકતો શંકાસ્પદ બને છે.

૧૧.. તદઉપરાંત, The Gujarat Prohibition (Liquor Samples and Determination of Quantity Seized Liquor) Rules, 2012. Notification issued by the Home Department dated 20th August 2012."HOME DEPARTMENT Notification Sachivalaya, Gandhinagar, 8th August, 2012.GUJARAT PROHIBITION ACT, 1949 :અંતર્ગત નિયમ–૩ અને નિયમ–૫ ધ્યાનમાં લઈએ તો, તેમાં,

**<u>3 . Collection of Liquor Sample :</u>**

( 1 ) The sample of liquor shall be collected in the following manner, namely;

( a ) The Prohibition Officer or the Police Officer shall take two samples of 200 ml. from a container 01' in Case of more than one container, from each such container containing liquor, in the presence of two witnesses (panchas);

(b) in the case of liquor contained in branded bottles, two bottles of each brand shall be taken batch − wise, from the boxes which contain such bottles , in the presence of two witnesses (panchas ) In case of changes in the brand or batch, two bottles of liquor of each such brand shall be taken separately, as sample

(2) Out of two samples referred to in sub−rule (1), one sample shall be sent to the Testing Officer and the another sample shall be kept ' in the custody of the officer who has seized the liquor , till the matter is finally decided by the Court and thereafter the sample kept in the custody of the officer shall be destroyed in accordance with the procedure prescribed in this behalf.

**5. Sample be sent for Analysis.**

The Prohibition Officer or the Police Officer who has seized the liquor shall send the sample alongwith the advice in Form − A , immediatel y without any loss of time to the Forensic Science

Laboratory of the State for detailed analysis report.

૧૨.. આમ, ઉપરોકત નોટીફીકેશન ધ્યાને , વંચાણે લેતા , તેમાં, કેફી પ્રવાહી નું સેમ્પલ એકત્ર કરવા તથા એનાલીસીસ માટે મોકલી આપવા સંબંધેની જે પ્રક્રિયા દર્શાવવામાં આવેલી છે તે પોલીસ ઓફીસરે અનુસરવાની જ રહેશે તેવો આદેશાત્મક સુચન કરવામાં આવેલ છે. તેમ છતાં, આ કામે પોલીસ દવારા નમૂનાનું સેમ્પલ પૃથ્થકરણ સારુ મોકલાવેલ હોય અને તેનો કોઈ અહેવાલ મેળવેલ હોય અને તેવી કોઈ પ્રક્રિયા અનુસરવામાં આવેલ હોવાની હકીકત ફલીત થતુ જણાઈ આવતુ નથી. ઉપરોકત નિયમોનુસાર કબજે લીધેલ લીકરનું સેમ્પલ એકત્ર કરી તેના પૃથ્થકરણ અંગેની કાર્યવાહી અનુસરવા સંબંધેના નિયમોનુ પણ પાલન કરવામાં આવેલ હોવાનું ફલીત થતુ નથી.

૧૩.. સમગ્રપણે, આ કામના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ,નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ અને વિશ્વશનીય પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

૧૪.. આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, . મુદાનં. ૧ ''નકારમાં' નિર્ણીત કરી , મુદા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો 'આખરી હુકમ' કરવામાં આવે છે.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

(૧) આ કામના આરોપી : રાજુભાઈ મોહનભાઈ છારા નાઓને

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ (એફ) મુજબના ગુન્હા માંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે પોલીસે કબજે કરેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવા.

ચુકાદો આજરોજ તારીખ : ૯ મી, માહે :જુન, સને : ૨૦૨૬ ના રોજ, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી ,મારી સહી કરી જાહેર કર્યો.

તા.૯/૦૬/૨૬
મુ.મોડાસા

(સુરભી શર્મા)
અધિક જયુડી.મેજી.ફ.ક.
મોડાસા.
કોડનં.જી.જે.૦૧૫૭૧

એ.એન.પી..